# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ક્યાંક મળો તો રોકી લેજો બીજું શું?
તબિયત બબિયત પૂછી લેજો બીજું શું?

આપ અમારી જોડે રહેજો – ના ફાવે તો,
વળતી ગાડી પકડી લેજો બીજું શું?

વાંકુંસીધું આંગણ જોવા ના રહેશો,
તક મળે તો નાચી લેજો બીજું શું?

આજે અમને દાદ ન આપો કાઈ નહિ,
આજે અમને સાંખી લેજો બીજું શું

- ખલીલ ધનતેજવી.

## પાથેય

- રમેશ ઠક્કર

### હથિયાર વગરની હિંસા...

**તમારી નાની સરખી તારીફ ઘણીવાર કોઇકના માટે મહત્વની તારીખ બની જતી હોય છે.સામાન્ય રીતે કોઇકની પ્રશંસા કરવી કે કોઇકને ખુલ્લા મનથી બિરદાવવાની ઊદારતા આપણામાં હોતી નથી.એ બાબતમાં માણસ ભારે ક્રૂર હોય છે. હિંસા કોઈ હથિયાર વડે જ થતી હોય એવું નથી હોતું.માણસ લુચ્ચું મૌન રાખીને પણ હિંસા આદરતો રહે છે.આપણે ઘણીવાર લોકોને એવું કહેતા સાંભળીએ છીએ કે હું તો 'મોઢે જ સાચું કહી દઉં' પરંતુ આ દાવાઓ પાછળની પોકળતા કેટલી બોલકી હોય છે એનો આપણને સૌને અનુભવ હોય છે.માણસ લાભ હોય ત્યાં જ કશુંક વ્યક્ત કરતો હોય છે. અન્યથા એ આંખમીંચામણાં કરી પોતાની અંદરના છીછરાપણાને અભિવ્યક્ત કરતો રહે છે.**

**આપણી નિઃશબ્દતા કાળઝાળ હોય છે! ભેદી મૌનના આવા માહોલમાં પણ ઘણા માણસો એમની મનગમતી પ્રવૃતિ ચાલુ રાખતા હોય છે..અવહેલનાની અડાબીડ અરાજકતાને અવગણી જયારે કોઇક આકાશને આંબવાની મહેચ્છા વ્યક્ત કરે છે ત્યારે એની સ્થિતિ એકલો જાને રે...જેવી બની રહે છે.. શરૂઆતના આવા પ્રતિકાર પછી ક્રમશઃ પછી કારવાં બને છે, અને પછી સ્વીકારનો પુરસ્કાર મળતો હોય છે..સફાળું જગત જાગે છે અને પછી થોડુંક હૂંફાળું આવરણ રચાય છે...સંઘર્ષ કરનારને થાય છે કે આવી હૂંફ શરૂઆત માં મળી હોત તો ?..પરંતુ દુનિયા એટલી સરળ હોતી નથી..આપણા મોટા ભાગના એવોર્ડસ મરણોત્તર હોય છે!**

**કેટલાક માણસોને માટે જોકે કોઈક તરફથી મળતી તારીફ જ મહત્વનું પરિબળ બનતું નથી.એવા લોકો જગતમાં સામા પૂરે ચાલીને પણ પોતાનું ધ્યેય સિદ્ધ કરતા હોય છે.આપણે જેને સરેરાશ માણસો માનીએ છીએ એવા લોકોની લાગણી માટેની ભૂખ તીવ્ર હોય છે.કોઈ આપણને માન આપે,સ્વીકારે કે,આપણા અસ્તિત્વને માન્યતા આપે એવું જાણેઅજાણે ઈચ્છતા હોઈએ છીએ.અને એ કોઈ ખોટી માગણી પણ નથી.. આમ છતાં જગત આવી સામાન્ય સાહેદી આપવામાં પણ.ઉદારતા દાખવતું હોતું નથી.**

**અભિવાદનો વિલંબિત અને પ્રશંસા પરદો પડી ગયા પછી મળતી હોય ત્યારે એમાંથી ઊકળેલા પાણી જેવો સ્વાદ આવતો હોય છે માણસને મન પછી કોઈ મૂલ્ય રહેતું નથી.જે રીતે સમયસર પોષણ મળે તો જ શરીર તાજગી અનુભવે.એમ જો માણસને સમયસર જો કોઈની હૂંફ પ્રાપ્ત થાય તો જ એ કામની.અન્યથા એકલા જવાનું એકમાત્ર આશ્વાસન એની પાસે રહે છે ..આપણે સમયસર કોઇકની કામગીરી કે આવડતને બિરદાવીએ તો એનું મૂલ્ય અનેકગણું હોય છે.યોગ્ય સમયે થયેલી નાનીસરખી તારીફ ઘણીવાર કોઇકના જીવનનો નકશો બદલી નાખે છે!**

# હિન્દી ફિલ્મી ગીતો પણ એટલાં જ રંગીન છે




આજે ધૂળેટીનો તહેવાર, રંગોનો ઉત્સવ. આ ઉત્સવને હિંદી ફિલ્મ દુનિયા અને હિન્દી ગીતો સાથે બહુ નજીકનો નાતો છે. ઘણી બધી ફિલ્મોમાં હોળી-ધળેટીનાં દશ્યો જોવા મળે છે અને મળતાં રહેશે. વહીદા રહેમાન અભિનિત ફિલ્મ 'ફાગુન' તરત યાદ આવે. અવધિ બોલીમાં કે વૃંદાવનમાં પરિવેશને પ્રગટ કરતાં કે રાધા-કૃષ્ણનનાં હોળી ગીતો ફિલ્મોમાં જોવા મળે છે. જૂની અન નવી બંને પ્રકારની ફિલ્મોમાં ધૂળેટીના પર્વની ઊજવણી કરતા પ્રસંગો અને ગીતો જોવાં મળે છે.

'સિલસિલા' ફિલ્મનું ગીત એમાં સૌથી વધુ લોકપ્રિય થયું. અભિતાભ બચ્ચનનો જ અવાજ અને ગીતમાં સાંભળવા મળે છે. 'રંગ બરસે ભીગે ચુનરવાલી, રંગ બરસે' આ તહેવારની ખુબી ગણી લો કે ખામી એ કયારે છીછરાપણામાં કે અશ્લીલતામાં પ્રવેશી જાય એ કહી શકાતું નથી. ફિલ્મ 'શોલે' નું ગીત 'હોલી કે દિન ખિલ જાતે હૈ, રંગો સે રંગ મિલ જાતે હૈ' પણ જાણીતું ગીત છે. ઋષિકપુર અને મીનાક્ષી ક્ષેષાદ્રી અભિનિત અને રાજકુમાર સંતોષી દિગ્દર્શિત ફિલ્મ 'દામીની' ના કેન્દ્રમાં ધૂળેટીનું દશ્ય છે. એ દિવસે દામીનીએ જોયેલા દશ્યને કારણે આખી ફિલ્મ પછી એના આધારે ચાલે છે.

અમિતાભ બચ્ચનની જ એક ફિલ્મ 'વક્ત'માં પણ અક્ષયકુમાર અને પ્રિયંકા ચોપડા પર એક ધૂળેટીનું ગીત રજૂ થયું છે. પણ અત્યારના હોળી કે ધૂળેટીના ગીતોમાં ફિલ્મ 'જવાની દિવાની'નું રણબીર કપુર અને દિપીકા પાદુકોણ અભિનિત ગીત 'બલમ પિચકારી, જો તુંને મુઝે મારી, સીધી સાધી છોરી કુંવારી હોઈ ગઈ, જિન્સ પહન કે જો તુંને મારા ઠુમકા તો જલકું પડોશન કી ભાભી હો ગઈ.' અત્યંત લોકપ્રિય થયું છે.

શાહરુખ ખાન અભિનિત ફિલ્મ 'ડર'માં પણ ધૂળેટીનો એક પ્રસંગ આવે છે અને શાહરુખ ખાન પોતાનો ડર ઊભો કરે છે. 'મોહે રંગ દો લાલ ગુલાલ' ગીત પણ અત્યંત લોકપ્રિય થયું છે. શ્રેયા ઘોષાલના કંઠે ગવાયેલું આ ગીત એનાં આવતા ઠરલાવને કારણે કર્ણપ્રિય બન્યું છે.


હોળી, ધૂળેટી યુવા હૈયાઓનો તહેવાર છે એટલે પ્રણયકથા આધારિત ફિલ્મોમાં રંગનું અને રંગના તહેવારનું મહત્ત્વ વધી જાય છે. કૉલેજ કેમ્પસને લગતી ફિલ્મો હોય કે યુવા હૈયાઓને લગતી ફિલ્મો હોય એમાં ધૂળેટીનો પ્રસંગ કે ગીત તો હોવાનું જ ! એ ગીત એના શબ્દોને કારણે પણ ધ્યાન ખેંચે છે. જેમ કે, 'તું ને હવા મેં ભાગ મિલાયા' જેવા શબ્દો પહેલી વખત ગીતમાં - ધૂળેટીમાં ગીતમાં રજૂ થાય છે અને એ ગીતથી કાવ્યાત્મકતા વધારે છે.

હિન્દી ફિલ્મો ભારતીય તહેવારોનું પ્રતિબિંબ સતત ઝિલતી રહી છે, હોળી, દિવાળી, મકરસંક્રાતિ વગેરે તહેવારો ફિલ્મોમાં જોવા મળે છે. ધૂળેટીના રંગીન તહેવાર જેવા જ હિન્દી ફિલ્મનાં ગીતો પણ એટલાં જ રંગીન છે !

# ફેંગશુઈ એક સુશોભન કલા




૧ -રોક સોલ્ટ લેમ્પ- રોક સોલ્ટ લેમ્પ ના નામ ઉપરથી મીઠાનું મહત્વ વધી જાય છે. મીઠાને સબરસ પણ કહેવામાં આવે છે.ગર્ભવતી સ્ત્રીને આયોડિન ની ઉણપ ન થાય તે માટે આયોડિન યુક્ત મીઠું ખાવાની સલાહ આપવામાં આવે છે. શરીરમાં બધા જ તત્વોની પૂર્તિ માટે મીઠું જરૂરી છે. મીઠાનો નિયમિત પ્રયોગ કરવાથી શરીર તંદુરસ્ત પણ રહે છે. તેવી જ રીતે રોક સોલ્ટ લેમ્પ ના પ્રયોગથી આપણી આજુબાજુ ઓક્સિજનની માત્રા વધે છે. ઘરની અંદર વપરાતા ઈલેક્ટ્રોનિક્સ સાધનો જેવા કે ટીવી ફ્રીજ રેડિયો કમ્પ્યુટર વગેરેમાંથી આવતા તરંગો સ્વાસ્થ્ય માટે હાની કારક હોય છે. રોક સોલ્ટ લેમ્પ આ હાનિકારક તત્વોનું શોષણ કરે છે અને આજુબાજુનું વાતાવરણને સ્વસ્થ અને સ્વચ્છ રાખે છે. રોક સોલ્ટ લેમ્પ નો ઉપયોગ ઓફિસર,મસાજ-પાર્લર ,દવાખાનુ વગેરે જગ્યાએ કરી શકાય છે. જીવનમાં જબરદસ્ત પરિવર્તન લાવવા માટે અને સૌભાગ્ય વધારવા માટે તેમજ સ્વસ્થ રહેવા માટે ઉપયોગી અને વાસ્તુદોષ દૂર કરે છે.હિમાલયા રોક સોલ્ટ લેમ્પ હવા ની ગુણવત્તા સુધારે છે અને આપણા મૂડ ને સુધારીને ઊંઘવામાં મદદ કરી શકે છે.હિમાલય લેમ્પ એક શુસોભન લાઈટ છે જે ઘર માટે ખરીદી શકાય છે.હવા ની એલર્જી માં મદદરૂપ છે.આ લેમ્પ પ્રગટાવવાથી ગુલાબી પ્રકાશ ફેલાવે છે અને વાતાવરણ આનંદમય બનાવે છે.









૨-નવરત્ન ક્રિસ્ટલ બાઉલ- નવરત્ન ક્રિસ્ટલ બાઉલ સંપત્તિ ક્ષેત્રમાં રાખવામાં આવે છે .નવરત્નથી ભરેલ બાઉલ દક્ષિણ પૂર્વ દિશામાં રાખવાથી લાભ થાય છે.ધન સમૃદ્ધિ અને આવક સાથે સંકળાયેલ ફેંગશુઈ વસ્તુ છે.જેમાં બાઉલ માં નવરત્નો ના બોલ કે ટુકડા રાખવામાં આવે છે.વાસ્તુદોષ અને નવગ્રહના દોષ દૂર કરી શકે છે.ઘર ની નકારાત્મક ઉર્જા દૂર કરી ને સકારાત્મક ઉર્જા ફેલાવે છે.સુર્યપ્રકાશ સીધો જ આ બાઉલ ઉપર પડે તેવી રીતે મુકવા જોઈએ .

૩પ -ગોલ્ડન બોટ- ગોલ્ડન બોટ ધન સંપત્તિનું પ્રતીક માનવામાં આવે છે ,તેને કેસ બોક્સ ,જ્વેલરી બોક્સ તેમજ સંપાતી ક્ષેત્રમાં રાખવામાં આવે છે તેમજ તેને દક્ષિણ-પૂર્વ દિશા માં તેની રાખી શકાય છે.ફેંગશુઈ માં આ સુંદર રચના છે. લાફિંગ બુદ્ધા પોતાના હાથમાં બંને હાથ ઉપર કરીને ગોલ્ડન બોટ લઈને ઊભેલા જોવા મળે છે. ગોલ્ડન બોટમાં બોટ ગોલ્ડન કલરની હોય છે અને તેની અંદર ગોલ્ડન સિક્કા ભરેલા હોય છે તથા બોટની આજુબાજુ ચાઈનીઝ ચિન્હો જોવા મળે છે.ફેંગશુઈ માં આ સુંદર રચના છે.નોકરી અને વ્યાપાર માં સફળતા માટે તેને ટેબલ કે ડેસ્ક પર મુકવામાં આવે છે.

૩-કામધેનુ ગાય-બછડા ની મૂર્તિ- હિન્દુ સંસ્કૃતિમાં ગાયને ખૂબ જ પવિત્ર અને માતા તરીકેનો દરજ્જો મળેલ છે. તેથી આપણે તેને ગાય માતા તરીકે ઓળખીએ છીએ. ગાય પોતાના નંદિની વાછરડા સાથે હોય તેવી મૂર્તિ ઘરમાં રાખવાથી સુખ સંપત્તિ સમૃદ્ધિ સૌભાગ્ય વધે છે. ઘરનો વાસ્તુદોષ દૂર કરે છે, તેને ઘરના ઈશાન કોણ માં કે ઉત્તર-પૂર્વ દિશામાં રાખી શકાય.પૂજા ઘર કે પ્રવેશદ્વાર પાસે પણ મૂકી શકાય છે.મદિરમાં ચાંદી,પિત્તળ,કે તાંબા ની મૂર્તિ રાખી શકાય તેમજ ઘર ના પ્રવેશદ્વાર પાસે સંગેમરમર પત્થર ની મૂર્તિ રાખી શકાય.કામધેનું ગાય બછડા ની મૂર્તિ મનોકામના પૂર્ણ કરવા વળી,માનસિક એકાગ્રતા વધારનાર સુખ સમૃદ્ધિ આપનાર ,અને માં ની જેમ તમામ મુસીબતો અને બીમારીઓ થી રક્ષા કરનાર મનાય છે. એવું માનવામાં આવે છે કે કામધેનું ગાય બછડા માં ત્રીદેવીઓ ના ગુણ અને વાસ મનાય છે જે વૈતરણી નદી અને ભવસાગર ને પાર કરવામાં માંદરૂપ થાય છે.

-hits8483@gmail.com

# હોય ખાલીખમ ભીતરે થી તો ય દોડ્યા કરતી હોય
# વેદના હોય લાખ છતાં , ખુદ ને પંપાળતી હોય એમ પણ બને




આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની અઢળક શુભકામના... સાથે એક વાત શેર કરવી છે.

આજે પણ વાત સ્ત્રીની આવે એટલે... સ્ત્રી સાથે સુંદરતાને આવરી લેવામાં આવે છે. અહીં મને કલાપીની એક પંક્તિ યાદ આવે છે કે....

સૌંદર્ય વેડફી દેતા ના ના સુંદરતા મળે,
સૌંદર્ય પામતા પહેલા સુંદર બનવું પડે

આજે પણ કેટલાક લોકો કાળા ગોરાના આધારે જ જીવનસાથી પસંદ કરતા હોય છે. જયારે એ હકીકત છે કે સમાજમાં એવા ઘણા વ્યક્તિ છે, કે જેમની ઓળખ કાળા અને સફેદ રંગની નહીં પરંતુ તેમની આવડત અને પ્રતિભાને આધારે થાય છે. સુંદરતા આપણો પીછો નથી છોડતી. આપણે આપણા માટે નહીં બીજાને બતાવવા જ બધું કરતા આવ્યા છીએ. જોને કેવી લાગે છે? ત્યાંથી જ શરૂઆત થાય છે વાક્યની અને જીવનની. શા માટે જાડી, શ્યામ છોકરી સુંદર નથી કહેવાતી.

કારણકે સુંદરતાની વ્યાખ્યા આપણે એટલી જ જાણીએ છીએ કે રંગ ગોરો હોવો માત્ર. આંતરિક સુંદરતા, સ્વભાવ, ચાલચાલન કે આવડત કશું જ નહીં, માત્ર ગોરી ચામડી. દરેક લોકો આ સુંદરતાના જ દીવાના હોય છે. અને એડ ફિલ્મો પણ સુંદર જ છોકરીઓ ને લઈને જ બનાવાય છે અને માત્ર સુંદર બનવાની જ કેટલી જાહેરાતો આવે છે, અવનવી ફેરેનેસ ક્રીમ, ફેસ પેક, પરફ્યુમ અને સાબુ.

ટ્રાફિક જામ હોય અને એક લાંબા, સિલ્કી વાળ વાળી, ફેરનેસ ક્રીમ લગાવીને આવેલી સ્ત્રી ટ્રાફિક કાબુમાં કરે. એની સુંદર ત્વચાના કારણે.. કેટલું હાસ્યાસ્પદ.

ઓફિસમાં મિટિંગ હોય અને સુગંધી ડીઓડ્રન્ટ લગાવીને આવે અને ડીલ સાઈન થઈ જાય.

તો બીજી બાજુ સાબુ લગાવે અને ઉંમરનો ખ્યાલના આવે આવી જાહેરાતો જોવા ટેવાયેલા આપણે હકીકતને સ્વીકારી નથી શકતા.

કે આવી જ છેતરામણી જાહેરાતોની જેમ જ
આપણે છેતરાઈએ છીએ બાહ્ય સુંદરતા. પાછળ
સુંદરતા લાંબો સમય ટકતી નથી.સિવાય કે આંતરિક સુંદરતા.
સુંદરતા એટલે અંદરથી અનુભવતાથી ખુશી જેને શરીર સાથે કોઈ નિસ્બત નથી. એક લીલું પર્ણ પણ સમય જતા પીળું થઈ ખરી પડે છે.
કારકિર્દીની સફળતા અને સુખી લગ્નજીવનમાં સુંદરતા
કરતા બીજા ઘણા સારાં પાસા હોય છે, પણ એ જોવા માટે આપણી આંખો પર કાળા ચશ્મા સમાજે જ બાંધી દીધા હોય છે.

આજ કારણોસર આપણી નજર હમેશા સુંદરતા ને જ જોવે છે.

જો કોસ્મેટીકની જાહેરાત સાચી હોય તો દરેક સ્ત્રીને આઈ લાઈનર, લિપસ્ટિક, અને ફેરનેસ ક્રીમ આપી દેવાય તો સફળતા મળી જાય અને ખુબસુરતી પણ. કોઈકને સારુ લાગડવા માટે, બીજા માટે શો પીસ બનવા માટે મેકઅપ પાછળ પૈસાની નોટ આપતી વખતે એકવાર જો ગાંધીજી તરફ નજર જાય તો એ યાદ આવે કે આ જ ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં રંગ ભેદભાવ સામે મોટી લડાઈ લડી હતી.

અને છતાં પણ હજુ આ ભેદભાવ રહ્યો છે.

આપણે આજે આ સદીમાં જીવી રહ્યા છીએ પરંતુ આજે પણ અમુક માનસિકતા આપણો સાથ છોડતી નથી.

હવે સમય બદલાઈ ગયો છે અને જ્યાં ગોરા લોકો માટે જે શક્ય છે તે કાળા લોકો માટે પણ શક્ય બને છે.

કાળા હોવાની વેદના કરડવા લાગે છે, રોજેરોજ કાળા ધોળાની તુલનામાં શરીરમાં ધીરે ધીરે દરરોજ એજ કાને પડઘા અને વરાળ જેમ ઉકળી ઉઠાતું હશે. અલંકાર એટલે ઘરેણું.

"સુંદરતામાં અભિવૃત્તિ કરે છે અલંકાર".

પણ અલંકારના બે પ્રકારે હોય છે, નજર આપણી કોના પર હોય છે એ ના પર આધાર. શબ્દાલંકાર અને અર્થાલંકાર. ભાષાની સુંદરતા અલંકાર થી શોભે છે તેમજ મનુષ્ય પણ અલંકાર થી શુસોભિત હોય છે,

અલંકાર બાહ્ય અને આંતરિક હોય છે, આપણને બાહ્ય દેખાવથી આકર્ષણ થાય છે. આપણે બાહ્ય ચમકૃતિથી મોહિત થઈએ છીએ.

ખરેખર શું આજ સાચી સુંદરતા છે?

સુંદરતા જોઈને માણસ લોભી, ક્રોધી, દયાળુ છે કે સારો એ નથી જાણી શકાતું. એ ખ્યાલ ત્યારે જ આવે જયારે એને અંદરથી ઓળખીએ.

ઊંડાણમાં સમજવાથી સાચું રૂપ છતું થાય છે.

છોકરી મોટી થવા આવે ત્યાં જ પ્રમાણપત્ર મળતા જાય અને જો એ બધી રીતે અવ્વલ હોય પણ એ શ્યામ હોય તો જાણે અસ્તિત્વ પેલેપાર ફેંકાતુ જાય.મહિલા દિવસ આવ્યો અને મોટી મોટી વાતો થવા લાગી પણ હજુ આપણો સમાજ પુરુષ પ્રધાન છે અને પહેલી પ્રાયોરિટી સુંદરતા ને જ આપશે. ઘણા પુરુષો માટે સ્ત્રી માત્ર ભોગવટાનું સાધન હશે. લગ્ન સંબંધ અથવા એક સ્ત્રી અને પુરુષનાં સંબંધનું વર્તુળ નક્કી થાય એટલે પેહલો પ્રશ્ન એ જ થાય કે

છોકરી કેવી લાગે છે? પોતાનો છોકરો ભલે રખડુ,પડીકી ખાતો, મોડો ઘેર આવતો અને ભણવામાં ડફોળ હોય, બીબા જેવો, કે ગોળ મટોળ હોય પણ એના માટે છોકરી તો દેખાવડી જ જોઈએ.

જીવનસાથીની જાહેરાત વાંચીએ ત્યારે એમાં લખ્યું હોય કે દેખાવડી, ઊંચી, સંસ્કારી, ભણેલી છોકરી જોઈએ છે.

કોઈ ક્યારેય એવું નથી લખતું કે પાતળો દુબળો ઓછો ભણેલો, શંકાશીલ છોકરો છે અમારો. ચાલો સમજીએ કે દરેક માતાપિતા માટે સંતાન રાજકુમાર જ હોય છતાં આ હકીકત સ્વીકારવી જ રહ્યું.


જીવનસાથીની જાહેરાતમાં એવું નથી લખતા કે છોકરી હસાવી શકે એવી અને જિંદાદિલ હોવી જોઈએ, સપનાથી ભરપૂર.

તો જિંદગી જિંદાદિલ બનાવવી હોય તો સુંદરતાનું સાચું માપદંડ સમજવું રહ્યું.

સુંદરતા જોનાર પર અવલંબે છે બાકી કહેનારાને તો ચાંદમાં પણ ડાઘ દેખાય છે, અને ડાઘ વાળા ચાંદમાં પણ સુંદરતાના દર્શન થાય છે.

# "મુખ્યમંત્રીનો પત્ર આવી ગયાના હરખથી 'ટેબ્લેટ' સુધી..."




કોરોના કાળના આગમનના થોડા સમય પહેલાં જ એક મિત્રએ મને તેની ઓળખાણ કરાવેલી. પ્રથમ મુલાકાત બાદ જાણે અજાણે એના મનમાં મારી છાપ કોઈ મહાન લેખકની ઉપસી હશે. ત્યાર બાદ રોજની મુલાકાતો વધી પડી, સહિત્ય બાબતે તેનું વિશ્વ ત્યારે બહુ સાંકડુ હતું. ત્યારે તે 'નવોદિતો'ને પ્લેટફોર્મ આપવા માટેના અનેક ઈલેક્ટ્રોનિક મેગેઝીન્સમાંનું એક ચલાવતો. એક દિવસ એણે મને થોડુ ડરતા ડરતા કહ્યું કે 'કાકા, મારા મેગેઝીનમાં પદ્ય વિભાગનું પરામર્શન તો એક સમર્થ કવિ સંભાળે છે, પરંતુ ગદ્ય વિભાગમાં મને હજુ સુધી કોઈ મળ્યું નથી, તો તમે એમાં પરામર્શન કરશો ?' મેં એના ઈ-મેગેઝીનના થોડા અંકો જોયેલા. મે એની સામે એક શરત મૂકી કે નવોદિતોની કૃતિઓ ભલે કાચી-પાકી છાપો. એની સામે મને વાંધો પણ નથી, પરંતુ ગદ્ય વિભાગમાં આપણે એક નવી શરૂઆત કરીએ. એક તો અંકના પાનાની સંખ્યા નક્કી કરો, કારણ કે જે આવે તેની કૃતિ છાપવા બેસીએ તો અંકનું દળ નક્કી ન રહે. બીજો મુદ્દો એ કે આવતી સઘળી ગદ્ય કૃતિઓમાંથી બે કે ત્રણ શ્રેષ્ઠ પસંદ કરવાની અને તે નવોદિતોની કૃતિઓની સાથે સાથે એક નિવડેલા સિદ્ધહસ્ત વાર્તાકાર કે નિબંધકારની કૃતિ પણ છાપવાની. આનો હેતુ એ કે નવોદિતો પોતાની કૃતિ છપાવાનો હરખ ભલે કરે, પરંતુ પોતાની કૃતિની સામે છપાયેલી એક નિવડેલા સર્જકની કૃતિનો સહઅભ્યાસ કરી શકે અને પોતાની ખામીઓ અને નિવડેલા સર્જકો સર્જન સમયે શું કમાલ કરતાં હોય છે એ સમજી શકે.

આમ અમારી સહિત્યની સહયાત્રા શરૂ થઈ. મેગેઝીનનું નામ આપું તો "ઉડ્ડયન" અને તેનો તંત્રી એટલે ગાંધીનગરનો ધ્રુવ પ્રજાપતિ. મારા પ્રસ્તાવથી અવઢવમાં પડેલા ધ્રુવની મુંઝવણ એ હતી કે તેના જેવા સાવ નવાસવાને કયો મોટો વાર્તાકાર વાર્તા કે નિબંધ આપવાનો. એની મુંઝવણ એક રીતે સાચી પણ હતી. કોઈ અકળ કારણોસર મને એનામાં કંઈક ચમકારો દેખાયેલો. એટલે મેં દરેક અંક વખતે એક કૃતિ મેળવવા માટે તેને એક એક મોટા વાર્તાકારના ફોન નંબર આપ્યા અને કહ્યું કે મારુ નામ આપીને વાત કરજે. પ્રથમ પ્રયાસે જ ધ્રુવને કિરીટ દૂધાતનું નામ આપેલું. એણે ફફડતા ફફડતા ફોન કર્યો અને તેને વાર્તા છાપવાની મંજૂરી પણ મળી ગઈ ! આવા બે ત્રણ અંકો બાદ તેણે મને કહ્યું કે 'મેગેઝીનના દિવાળી અંક માટે મુખ્યમંત્રીનો શુભેચ્છા સંદેશ મળે ?' મળી પણ ગયો. એ વખતે તેનો હરખ ક્યાંય મા'તો નહોતો. એ પત્ર મઢાવી લીધો, સોશ્યલ મીડિયા પર ધુમ મચી ગઈ કે આલા રે . . . આલાઆઆ . . . પણ એ હરખ એના દિલો દિમાગ પર છવાઈ જાય તે પહેલાં જ મેં મારી આગવી અદામાં હળવો કરી આપેલો . . . મને ખબર છે એને ત્યારે ઘણું ચચર્યુ હશે . . . પણ અપુન સાલા હૈ હી ઐસા . . .

સ્વ. શ્રી જયંત મેઘાણી, મહેન્દ્રસિંહ પરમાર, હર્ષદ ત્રિવેદી, કિરીટ દૂધાત, બિપિન પટેલ, અને અશોકપુરી ગોસ્વામી જેવા સાહિત્યક્ષેત્રના ધુરંધરો સાથે જેમ જેમ એનો સંપર્ક વધતો ગયો તેમ તેમ તેનામાં આત્મવિશ્વાસ પણ વધતો ગયો. સાથે સાથે તેના ફળદ્રુપ ભેજામાં અવનવા આઈડિયા આવતા ગયા અને અમે બન્ને સાથે મળીને તેનો અમલ કરતાં ગયા. સૌથી પહેલો વિચાર તેને ઝવેરચંદ મેઘાણી સાહેબનો વિશેષાંક કરવાનું આવેલું. એ વિશેષાંકને સારો એવો પ્રતિસાદ મળ્યો અને ત્યાર બાદની દિવાળી પર વાર્તા વિશેષાંક કરવાનું તેને સૂઝ્યું. મારી સાથે, હર્ષદ ત્રિવેદી અને કિરીટ દૂધાત સાથે સઘન ચર્ચાઓ બાદ એ વાર્તાવિશેષાંકને સાચા અર્થમાં વિશેષ બનાવવાની ડિઝાઈન નક્કી થઈ. એ વિશેષાંકમાં અમે એક પ્રયોગ કરેલો. ગુજરાતી સાહિત્યના દિગ્ગજ કહી શકાય એવા વીસેક વાર્તાકારો પાસેથી તેમણે લખેલી વાર્તાઓમાંની એમને સૌથી વહાલી હોય એવી વાર્તા અને એ વાર્તા લખવાની તેમની પ્રક્રીયા અંગે પોતાની કેફિયત પણ એ અંકમાં છાપેલી. એ અંકની સફળતાને કારણે ગુજરાતના જાણીતા પ્રકાશનગૃહ ઝેડકેડ પબ્લિકેશનના માલિક શ્રી મનીષભાઈ પટેલે આ પ્રોજેક્ટને પુસ્તક સ્વરૂપ આપવાનું સામે પગલે સ્વીકાર્યું. આમ મુખ્યમંત્રીના પત્રથી હરખાઈ જનાર આપણો ધ્રુવ માત્ર બાવીસ વર્ષની ઉમરે જ ગુજરાતી સાહિત્યના એક એવા દળદાર સંપાદનનો સહ-સંપાદક બની ગયો જેમાં શ્રી રજનીકુમાર પંડ્યાથી લઈને ઊગતા લેખક વિષ્ણુ ભાલિયા સુધીના સર્જકોની વાર્તાઓ અને કેફિયત સમાવિષ્ટ છે.

આ દરમિયાન ગાંધીનગરનું સાહિત્ય જગત જેના પર ગર્વ કરી શકે તેવા આપણા ધ્રુવભાઈ જેમનું તખલ્લુસ 'આઝાદ' હતું એ સાહિત્યની આવી રહેલી સમજણ સાથે ખરી પડ્યું અને આમ તેઓ 'આઝાદ'થી આઝાદ થયાં. મારા વાર્તાસંગ્રહની બાર વાર્તાઓની બાર મહિના ઉજાણી કરીને ધ્રુવે ગુજરાતી સાહિત્યમાં સર્જકને પોંખવાના મરાઠી કલ્ચરને પ્રવેશ કરાવ્યો. રાત દિવસ તેનું દિમાગ સાહિત્ય અને વાર્તા ક્ષેત્રે શું નવું કરી શકાય તે તરફ જ પ્રવૃત હોય. એમાં ધ્રુવ અને ભાઈ મયુર ખાવડુએ સાથે મળીને એક નવું સાહસ આરંભ્યું. ગુજરાતી સાહિત્યમાં રેલવેજગતની વાર્તાઓ પણ મુખયાધારાનું સાહિત્ય બની શકે એ વિચાર રોપનાર શ્રી જનક ત્રિવેદીની વાર્તાઓએ આ બેય જવાનીયાઓને ગુજરાતી સાહિત્યના ઉષાકાળથી લઈને વર્તમાન સુધીના વાર્તાકારોના વાર્તા સંગ્રહો અને અનેક સાહીત્યકારોની સાથે ચર્ચામાંથી એવી ૨૮ વાર્તાઓ શોધી લાવ્યા જેમાં વાર્તાનો મુખ્ય પરિવેશ જ રેલવેનો હોય. આ કવાયતમાં ધ્રુવ અને મયૂરને મેઘાણી સાહેબથી લઈને વિશાલ ભાદાણી જેવા યુવા વાર્તાકારોની વાર્તાઓ મળી આવી.

તાજેતરમાં જ ધ્રુવના આ મહાઆયાસને સુરતના સ્પર્શ પબ્લિકેશન દ્વારા પુસ્તકાકારે પબ્લિશ કરવામાં આવ્યો છે. ગુજરાતી સાહિત્યમાં આજ સુધી થયેલા સંપાદનો મહદઅંશે વાર્તાકાર કેન્દ્રી અથવા સમયકેન્દ્રી રહ્યા છે. ધ્રુવનું આ સંપાદન 'ટેબ્લેટ' – રેલવે સૃષ્ટિની ગુજરાતી વાર્તાઓ' એક નવો આયામ લઈને આવ્યું છે એ જેટલું મહત્વનું છે એટલું જ મહત્વનું એ છે કે 'મુખ્યમંત્રીનો પત્ર આવ્યો ત્યારે ઘેલો થનાર ધ્રુવ આજે પોતાના તખલ્લુસને તરછોડીને સાહિત્યની સાચી દિશામાં અગ્રેસર છે એ માત્ર મારા માટે જ નહીં પરંતુ ગાંધીનગર માટે પણ ગૌરવ લેવાની વાત છે. સ્વપ્રકાશન અને સ્વપ્રસિદ્ધિના આ જમાનામાં આવા યુવાનો ગુજરાતી સાહિત્ય અને ભાષાને એક નવી ઊંચાઈ આપશે એવી આશાના દીવાને નવું ઈંધણ પૂરી રહ્યા છે.

**હેન્ડબ્રેક:**

**"તમારે શું લખવું જેટલું મહત્વનું છે, તેની સામે શું નથી લખવાનું એ પણ એટલું જ મહત્વનું છે."**

**- મધુ રાય ઉર્ફે ગગનવાલા**

djtrivedi@yahoo.com
-૯૯૭૮૪૦૫૯૬૭